સમાજ મહાન છે, વ્યક્તિ નહીં





# ૧૩૫ પાટણવાડા સમસ્ત વણકર પંચનું બંધારણ



સમસ્ત ૧૩૫ પાટણવાડા વણકર પંચે તા.૦૩-૦૩-૧૯૯૧ના રોજ ધિણોજ મુકામે બનાવેલ બંધારણના અનુસંધાને સંવત ૨૦૮૦ના મહાવદ-૨ (બીજ) ને સોમવાર **તા.૨૬-૦૨-૨૦૨૪ના રોજ ૧૩૫ પાટણવાડા વણકર સમાજ ભવન, પાટણ** મુકામે વાડી પક્ષ અને ધિણોજ પક્ષ મળી સંયુક્ત રીતે કરેલ સુધારા-વધારા સાથેનું

## ૧૩૫ પાટણવાડા વણકર પંચે કરેલ નવીન બંધારણ

# સામાજીક બંધારણ

**॥ સ્થળ ॥**

૧૩૫ પાટણવાડા વણકર સમાજ ભવન
દૂધશીત કેન્દ્ર પાસે, મુ. પાટણ (ઉ.ગુ.)

**॥ સમય ॥**

તા. ૨૬-૦૨-૨૦૨૪, સોમવાર
સવારે ૧૦:૦૦ કલાકે

**અમલમાં તારીખ : ૦૧-૦૬-૨૦૨૪**

Scanned with CamScanner

# શ્રી પાટણવાડા વણકર સમાજ વિકાસ મંડળ

સંચાલિત

## ૧૩૫ પાટણવાડા વણકર સમાજ ભવન


સ્થાપના વર્ષ : ૨૯/૦૬/૧૯૮૩

પાટણ - ઉંઝા રોડ, મુ. હાંસાપુર, તા. જિ. પાટણ.

રજી. નં.: એ/૬૮૦/પાટણ




Scanned with CamScanner



# ૧૩૫ પાટણવાડા

## વણકર પંચના થયેલા ઠરાવો

## સુધારા-વધારા સાથેનું

# સામાજિક બંધારણ

**પરગણાનું સ્થળ**

**૧૩૫ પાટણવાડા વણકર સમાજ ભવન**

**મુ. પાટણ (ઉ.ગુ.), તા.જિ. પાટણ**



શિક્ષિત બનો, સંગઠિત બનો, સંઘર્ષ કરો

Scanned with CamScanner

## સગાઈની વિગત

(૧) સગપણ કરતી વખતે કન્યાપક્ષ, વરપક્ષને ભારતીય ચલણી સિક્કો ૧ (એક) રૂપિયો આપશે.

તા.ક. સોના-ચાંદી અથવા બીજી કોઈપણ ધાતુનો સિક્કો આપી શકાશે નહીં. આપનાર તેમજ લેનાર બંને શિક્ષાને પાત્ર ગણાશે. સગાઈ પહેલા કોઈપણ પ્રકારની આલમેલ કરવી નહીં.

(૨) સગાઈ મેળવણીયાને બંન્ને પક્ષ તરફથી રૂા. ૫૦૦ (અંકે રૂપિયા પાંચસો પુરા), રૂા. ૫૦૦ (અંકે રૂપિયા પાંચસો પુરા) આપવાના રહેશે. (જો બંન્ને પક્ષે સગાઈ કરાવનાર એક જ હોય તો) અન્યથા બંન્ને પક્ષે અલગ-અલગ હોય તો અલગ અલગ રૂા. ૫૦૦ (અંકે રૂપિયા પાંચસો પુરા) આપવાના રહેશે.

(૩) વેવાઈવટ કરવા ૧૧ (અગિયાર) માણસો જઈ શકશે. સગાઈ મેળવણીયાને અલગથી સાથે લઈ જઈ શકાશે. વરપક્ષના માણસો વેવાઈવટ કરવા જાય ત્યારે તેઓને કન્યાપક્ષ તરફથી મુખ્ય સગા વેવાઈને રૂા. ૫૦ (અંકે રૂપિયા પચાસ પુરા) નો અને બાકીના તમામને રૂા. ૨૦ (અંકે રૂપિયા વીસ પુરા), રૂા. ૨૦ (અંકે રૂપિયા વીસ પુરા) નો વહેવાર કરવાનો રહેશે.

તા.ક. સગાઈની વિધી બંને પક્ષોએ પોતાના રહેઠાણના સ્થળે જ કરવાની રહેશે. સગાઈ પ્રસંગે ગોળ કે પતાસા વહેંચી શકાશે. સગાઈ હોટલ કે પાર્ટી પ્લોટમાં કરવાની રહેશે નહીં. રીંગ સેરેમની સદંતર બંધ છે. ઠરાવનો ભંગ કરનાર રૂા. ૫૧,૦૦૦ (અંકે રૂપિયા એકાવન હજાર) દંડને પાત્ર રહેશે.

(૪) લગ્ન લેવા જવાની જાણ ટેલીફોન-મોબાઈલ ધ્વનિ સંદેશથી કરવી.

લગ્ન વધાવવા માટે ૨ (બે) માણસો (લગનિયા) જશે.

લગ્નમાં કન્યાપક્ષ તરફથી વરપક્ષને ભારતીય ચલણી સિક્કો રૂા.૧ (અંકે એક રૂપિયો) આપશે. લગ્ન વધાવવાની વિધી દિવસે જ કરવી. ઓઢામણા પેટે પોષાતું હોય તે પેન્ટ પીસના રૂા. ૨૦૦ (અંકે રૂપિયા





Scanned with CamScanner

બસો) રોકડા આપવાના રહેશે. લગનીયાઓએ વળતરમાં કંઈ જ આપવાનું રહેશે નહીં. લગ્ન વધાવવા સવારે જઈ સાંજે પરત આવવાનું રહેશે.

(૫) સગાઈ, વેવાઈવટ, લગ્નવિધી વખતે કોઈપણ પ્રકારના દાગીના કપડાં બંગડીઓ તેમજ અન્ય કોસ્મેટીક વસ્તુઓની આપ-લે કરવી નહીં.

(૬) સગાઈ તોડવાની જાણ ટેલીફોન-મોબાઈલ ધ્વનિ સંદેશથી સગાઈ મેળવણીયાને કરવી. સગાઈ મેળવણીયાએ ઘરધણીને ટેલીફોન-મોબાઈલ મેસેજથી જાણ કરવાની રહેશે.

(૭) સગાઈ તોડનાર પક્ષે રૂા. ૧૦૦૦ (અંકે એક હજાર) નો દંડ પરગણાને આપવાનો રહેશે. પરગણામાં દંડની રકમ લાવવાની જવાબદારી ગામના આગેવાનની રહેશે.

(૮) ખોટી માહિતી આપીને કે બોલીને લગ્ન કરેલ હશે તે સમાજનો ગુનેગાર ગણાશે, તેને દંડને પાત્ર ગણવામાં આવશે.

## જાનની વિગત

(૧) જાનની વાર-તિથિ બંને પક્ષે મળીને નક્કી કરવી.

(૨) જાનમાં વર સાથે ૭૧ (ઈકોતેર) જાનૈયાઓને લઈ જઈ શકાશે. જાનમાં વરપક્ષ તરફથી જાનડીયો કે નાની દીકરીઓને પણ લઈ જઈ શકાશે નહીં. જાનડીઓ લઈ જનાર પરગણાનો ગુનેગાર ગણાશે. ઢોલ અને શરણાઈવાળાઓ જાનૈયા ગણાશે નહીં.

(૩) વાજીંત્રોમાં ઢોલ, શરણાઈ, નાશિક જેવા વાજીંત્રો લઈ જવા. ડી.જે. અને બેન્ડવાજા સદંતર બંધ કરવામાં આવે છે. અગવડના પ્રસંગે ઢોલ, શરણાઈ ન લઈ જનારને ગુનેગાર ગણવામાં આવશે નહીં.

(૪) જાન સવારે જશે, બપોરનું ભોજન લેશે અને સાંજે પરત આવશે. આ સિવાય બીજા કોઈપણ સમયે જાન લઈ જનાર પરગણાનો ગુનેગાર ગણાશે.





Scanned with CamScanner

(૫) જાનને સીધી ઉતારે લઈ જવી. વરને ઝાંપાના તોરણે પૂંખીને ઉતારે લઈ જવો. વરને જાનીવાસો આપવાનો નથી.

(૬) એક માંડવે બે જાનો હોય તો બંને વરને સાથે પૂંખવા પરંતુ જાન જેમ આવે તેમ ઉતારે લઈ જવી.

(૭) જાનને જમણમાં ચોખ્ખા ઘી નો શીરો, દાળ-ભાત આપવા, વધારામાં બે-શાક, પુરી કે રોટલી આપી શકાશે. રીસેપ્શન મરજિયાત છે.

(૮) વરને ફુલહાર પહેરાવી શકાશે. કન્યાને માંડિયો રાખવો.

(૯) કન્યાપક્ષ તરફથી વરપક્ષને ફક્ત બાજવટ આપવો. બાજવટ લેતી વખતે વરપક્ષ તરફથી કન્યાપક્ષને કંઈ જ આપવાનું નથી.

(૧૦) લગ્નનું આણું ૭ (સાત) દિવસનું રહેશે.

(૧૧) લગ્નપછી કન્યાને મળવા જવાની છૂટ છે. વેહવારમાં રકમ રોકડ જ આપવી.

(૧૨) લગ્નનું આણું મુકવા ૧ (એક) માણસે જવું. તેને કન્યા પક્ષ તરફથી રૂા.૫૦ ((પચાસ) નો વહેવાર કરવો.

(૧૩) ઉજણા વખતે માત્ર ફુલ વેરી શકાશે.

(૧૪) હલદી રસમ સદંતર બંધ કરવામાં આવે છે. સામાજીક રીતે થતી પીઠી ચાલુ રાખવામાં આવે છે.

(૧૫) પ્રિ-વેડીંગ સદંતર બંધ કરવામાં આવે છે, આવું કાર્ય કરનારને સામાજીક શિક્ષા અને દંડ રૂા. ૫૧૦૦૦ (અંકે રૂપિયા એકાવન હજાર પુરા) કરવામાં આવશે.

(૧૬) ચોરી મંડપમાં મુરતિયાએ કન્યાને મંગળસૂત્ર પહેરાવવું નહીં.

(૧૭) ઘોડો, હાથી, બગી કે પ્રાણીઓ વડે ચાલતા વાહન, તેમજ હેલીકોપ્ટરનો ઉપયોગ સદંતર બંધ છે.



નસીબ પર નહીં, કર્મ પર વિશ્વાસ રાખો.

Scanned with CamScanner

## ભાણા વ્યવહારની વિગત

(૧) ભાણા વખતે દાપાના રૂા. ૫૩૫ (અંકે રૂપિયા પાંચ સો પાંત્રીસ પુરા) ભાણે ભરવા. દાપાની રકમ વરને પરત આપવી નહીં. વરને ચાંદલો કરવો.

(૨) ભાણા વખતે લગ્ન વિધિના રૂા.૫૦૦ (અંકે રૂપિયા પાંચસો પુરા) અનુસુચિત જાતિના બ્રાહ્મણને આપવા.

(૩) વરપક્ષ તરફથી વીરમાયા દેવનું શ્રીફળ લાવી પ્રસાદ વહેંચવો.

(૪) જાન પાટણ દુઃખવાડામાં જાય તો પદ્મનાથ દેવની જગ્યાના રૂા.૫૦ (અંકે રૂપિયા પચાસ પુરા) વરપક્ષ તરફથી આપવા.

(૫) જે ગામમાં તુરી રહેતા હોય (હક્કદાર) તે ગામમાં જાન તરફથી રૂા.૨૦૦ (અંકે રૂપિયા બસો પુરા) ભાણા વખતે આપવા.

(૬) જો ગામમાં જાન જાય, ત્યા વરપક્ષ તરફથી રૂા. ૧૦૦૦ (અંકે રૂપિયા એક હજાર પુરા) શિક્ષણફંડ માટે તે ગામના ઠરાવેલ આગેવાનને આપવા. આ રકમ પરગણું મળે ત્યારે જે તે આગેવાને પરગણામાં જમા કરાવવી.

## વળતરની વિગત

(૧) વળતરમાં કન્યાના પિતા તરફથી કન્યા માટે કાનની સોનાની બુટ્ટી કે કડીઓ, નાકની સોનાની નથણી કે રવો (બધું મળીને ચારઆની ભાર સોનું) તેમજ પગની ૧૦૦ ગ્રામ વજન સુધીની ચાંદીની પાયલ આપવી.

(૨) ઉપરોક્ત દાગીનાનો હક્ક વરપક્ષનો રહેશે.



કોઈપણ સમાજની ઉન્નતિ મહિલાઓની પ્રગતિથી માપી શકાય છે.

Scanned with CamScanner

## મામેરૂ/મામા મોળીયાની વિગત

(૧) મામેરામાં કે મામા મોળીયામાં સહકુટુંબ જઈ શકાશે.

(૨) પ્રથમ વખતના મામેરા સમયે ભાણીના ૩ (ત્રણ) દાગીના-સોનાની બુટ્ટી, સોનાની ચુની અને ચાંદીની ૧૦૦ ગ્રામ વજનની પાયલ સાથે રૂા.૫૧,૦૦૦/- (અંકે રૂપિયા એકાવન હજાર પુરા) કે તેથી વધારે આપી શકાશે. તથા બેન/બનેવી/ભાણી/ ભાણીયાઓને દાગીના તથા કપડા પેટે રોકડ રકમ આપવી હોય તે આપી શકાશે.

(૩) બીજા-ત્રીજા મામેરા કે મામા મોળીયામાં યથાશક્તિ રોકડ રકમથી જ બધા જ વહેવાર કરવા.

(૪) વરવાઘામાં વરને શોભે તેવો પોશાક પહેરી શકાશે. વરવાઘો વરના પિતાએ ખરીદવો.

(૫) મોસાળ પક્ષ તરફથી વરવાઘાના રૂા.૨૩૫ (અંકે રૂપિયા બસો પાંત્રીસ પુરા) આપવા.

(૬) મામેરૂ કે મામા મોળીયા વખતે મોસાળ પક્ષ સિવાય કન્યાપક્ષની દિકરીઓ કે ફોઈ જેમને કન્યાપક્ષ તરફથી આલમેલ કરવાની હોય છે, તેમના તરફથી કોઈપણ ભેટ, દાગીના કે રોકડ રકમ લઈ શકાશે નહીં. જો આપશે તો ભેટ કે રોકડ રકમ લેનાર પરગણાનો ગુનેગાર ગણાશે.

(૭) મામેરૂ કે મામા મોળીયાએ ઘરધણી સિવાય બીજે ક્યાંય રોકાવાનું નથી.

(૮) મામા મોળીયામાં મોસાળ પક્ષ તરફથી દાપુ આપવાના પ્રસંગે જાન જે ગામમાં જતી હોય તે ગામના પરગણાના રિવાજ પ્રમાણે દાપું આપવું.

(૯) નાસ્તા (નારી) કરાવવાની છૂટ છે.

(૧૦) મામેરા કે મામા મોળીયામાં સૌ પ્રથમ વેવાઈના રૂા.૫૦ (અંકે રૂપિયા પચ્ચાસ પુરા) આપવા. ત્યારબાદ મામેરૂ કે મામા મોળીયુ આપવું.

(૧૧) ઓઢામણામાં મામેરૂ/મામા મોળીયું લાવનાર મામેરાના તમામ સગાઓને સંબંધો મુજબ યથાશક્તિ વહેવાર રોકડમાં જ કરવો.



સભામંચો ઉપરથી ગગનભેદી ઘોષણાઓ કરવા કરતા સમાજોધ્ધારક સત્કૃત્યોની કેડી પાડો.

Scanned with CamScanner

## પ્રથમ આણાંની વિગત

(૧) પ્રથમ આણું તેડવા જવા માટે ૧૫ (પંદર) દિવસ પહેલા વરપપક્ષ તરફથી કન્યાપક્ષને ટેલીફોન કે મોબાઈલ ધ્વનિ સંદેશથી જાણ કરવી.

(૨) આણું તેડવા એક માણસે સવારે જવું અને સાંજે આણું તેડી પરત આવવું. તેમણે કન્યાપક્ષને રૂા.૩૩૫ (આણાંવટ) (અંકે રૂપિયા ત્રણસો પાંત્રીસ પુરા) આપવા. કન્યાપક્ષે, વરપક્ષને આણાંની રકમ પરત આપવી નહીં.

(૩) આણું તેડવા જનારને કન્યાપક્ષ તરફથી રૂા.૫૦ (અંકે રૂપિયા પચાસ પુરા) આપવા.

(૪) પ્રથમ આણું ૯ (નવ) દિવસનું રહેશે.

(૫) વળતું આણું તેડવા જનારને પોષાતુ હોય તો ઓઢામણા પેટે રોકડમાં વહેવાર કરવો. તેમણે વળતર તરીકે કંઈ જ આપવાનું નથી.

(૬) પ્રથમ આણામાં કન્યાના પિતાએ ઓછામાં ઓછા ૫ (પાંચ) જોડી કપડાં આપવા.

(૭) બીજું આણું (પેટી આણું) બંધ કરવામાં આવે છે.

## સીમંતની વિગત

(૧) સીમંતમાં કંકુના સાત પડીકા, સાત સોપારી, સવાશેર ચોખા, એક શ્રીફળ તથા કન્યા માટે એક જોડી કપડા તેમજ બંગડીઓ તથા શૃંગારની વસ્તુઓ આપવી.

સાસુ જેઠાણીના બે ટકા આપવા. સીમંતમાં કોઈપણ પ્રકારનો સોના-ચાંદીનો દાગીનો લઈ જવાશે નહીં.

(૨) પ્રથમ સુવાવડના સમયે દવાખાનાનો થતો તમામ ખર્ચાની જવાબદારી વરપક્ષની રહેશે. બીજી વ્યવસ્થા દીકરીના પિતાએ કરવી.





Scanned with CamScanner

# છૂટાછેડાની વિગત

(૧) જો મુરતીયો કન્યાને પસંદ ન કરે તો કોરા કાગળે છૂટાછેડા કરવા અને લગ્ન વખતે વળતરમાં આપેલા દાગીના કન્યા પક્ષને પરત કરવા.

(૨) જો કન્યા મુરતીયાને પસંદ ન કરે તો કન્યાના પિતાએ લીધેલ દાપાની રકમ મુરતીયાના પિતાને પરત કરવાની રહેશે. દાગીના પણ વરપક્ષને આપી દેવા.

(૩) ઉપર જણાવેલ બંને કલમો મુજબ છૂટાછેડા ન થાય તો પક્ષકારોએ આ બાબતની રજુઆત પરગણાના પંચને કરવી. પંચ બંને પક્ષોની રજુઆત સાંભળી જે નિર્ણય કરે તે નિર્ણય બંને પક્ષોએ માન્ય રાખવાનો રહેશે. છૂટાછેડા સમાજ મારફતે લેવા, કોર્ટ કચેરીનો આશરો લેવો નહીં.

(૪) સમાજમાં છૂટાછેડા બાબતે એક વખતે જાહેરાત કર્યા પછી જો વાતનો નિકાલ ન થાય તો જ કોર્ટમાં જઈ શકાશે.

(૫) વિધુર કે છૂટાછેડા લીધેલ મુરતિયાએ પુનઃ લગ્ન જ કરવા. કુંવારી કન્યા સાથે કોઈપણ પરગણામાં લગ્ન કરી શકાશે નહીં, અને જો કરશે તો સમાજનો ગુનેગાર ગણી દંડ/શિક્ષાને પાત્ર રહેશે.

(૬) છૂટાછેડા લીધા સિવાય પુનઃલગ્ન કરનાર નાતનો ગુનેગાર ગણાશે તથા કન્યા આપનાર પક્ષ પણ નાતનો ગુનેગાર ગણાશે અને બંનેને એકસરખી શિક્ષા કરવામાં આવશે.

(૭) બીજા પરગણાઓમાં છૂટાછેડા લેવાના પ્રસંગે આગેવાનો મારફતે છૂટાછેડાની વાતનો નિકાલ કરવાની છૂટ આપવામાં આવે છે.

(૮) દરેક નવા નવદંપતિએ તથા પુનઃલગ્ન કરનાર દંપતિએ સરકારશ્રીમાં લગ્ન નોંધણી કરાવવી ફરજીયાત છે.

(૯) પ્રેમ લગ્ન કરનાર યુવકના છૂટાછેડા થાય તો તે બીજી કુંવારી કન્યા સાથે લગ્ન કરી શકશે નહીં. તે યુવકે સમાજમાં વિધવા કે છુટાછેડાવાળી કન્યા સાથે પુનઃલગ્ન કરવાના રહેશે. પ્રેમ લગ્ન કરનાર યુવક કુંવારી કન્યા સાથે લગ્ન કરશે તો નાતનો ગુનેગાર ગણી તેને પરગણું દંડ/શિક્ષા કરશે.



Scanned with CamScanner

(૧૦) વિધુર કે છૂટાછેડા વાળા, પ્રેમ લગ્ન કરનાર યુવક, વિધવા, પ્રેમલગ્ન કરનાર યુવતી વણકર જ્ઞાતિ સિવાયની કોઈપણ જ્ઞાતિ સાથે લગ્ન, પુનઃલગ્ન કે પ્રેમ લગ્ન કરશે તો પરગણું તેમની કોઈપણ પ્રકારની જવાબદારી સ્વીકારશે નહીં.

## સાજનાની વિગત

(૧) સાજનાનું સગપણ બંને પક્ષોએ નક્કી કરી આણું તેડવા જવું.

(૨) સગપણનો સિક્કો ભારતીય ચલણ મુજબ ૧ (એક) રૂપિયો આપવો. સોના-ચાંદી કે અન્ય ધાતુનો સિક્કો આપી શકાશે નહીં. આપનાર ગુનેગાર ગણાશે.

(૩) સગપણ કરાવનાર મધ્યસ્થીને બંને પક્ષ તરફથી રૂા.૫૦ (અંકે રૂપિયા પચાસ પુરા), રૂા.૫૦ (અંકે રૂપિયા પચાસ પુરા) આપવા.

(૪) સાજનાની કન્યા તેડવા મુરતિયા સાથે ૧૧ (અગિયાર) તથા મધ્યસ્થી સાથે ૧૨ (બાર) માણસોએ સવારે જઈ બપોરે ભોજન બાદ સાંજ સુધીમાં પરત આવવું. મધ્યસ્થીને અલગથી ગણવા.

(૫) મુરતિયાને ઓઢામણા પેટે રૂા.૨૦૦ (અંકે રૂપિયા બસો પુરા) તથા બીજા ૧૦ (દશ) પૈકીના મુખ્ય માણસને રૂા.૫૦ (અંકે રૂપિયા પચાસ પુરા) અને બાકીનાઓને રૂા.૨૦ (અંકે રૂપિયા વીસ પુરા), રૂા.૨૦ (અંકે રૂપિયા વીસ પુરા) આપવા.

(૬) સાજનાના દાપાના રૂા.૪૩૫ (અંકે રૂપિયા ચારસો પાંત્રીસ પુરા) ભાણે ભરવા.

(૭) પલ્લામાં વરપક્ષ તરફથી જે કંઈ દાગીના કે કપડા લાવે તે કન્યાપક્ષે સ્વીકારી લેવા.

(૮) વરપક્ષે કન્યાપક્ષની મહિલાઓને રૂા.૪૦૦ (અંકે રૂપિયા ચારસો પુરા) આપવા.



Scanned with CamScanner

(૯) જમણમાં કોઈપણ પ્રકારનું ભોજન આપી શકાશે.

(૧૦) સાજનાના ભાણા વખતે બ્રાહ્મણને રૂા.૨૦૦ (અંકે રૂપિયા બસો પુરા) આપવા.

(૧૧) જે ગામમાં તુરી રહેતા હોય (હક્કદાર) તેમને રૂા.૫૦ (અંકે રૂપિયા પચાસ પુરા) આપવા.

(૧૨) વરપક્ષ તરફથી રૂા. ૧૩૫ (અંકે રૂપિયા એકસો પાંત્રીસ પુરા) શિક્ષણ ફંડ માટે તે ગામના ઠરાવેલ આગેવાનને આપવા. જે રકમ પરગણું મળે ત્યારે જે તે આગેવાને પરગણામાં જમા કરાવવી.

(૧૩) કન્યાના પિતાએ કન્યાને ૫ (પાંચ) જોડ કપડા આપવા.

(૧૪) વળતું આણું ૧૫ (પંદર) દિવસે તેડવા જવું.

(૧૫) વળતું આણું તેડવા જનારને પોષાતું હોય તો ઓઢામણા પેટે રૂા.૨૦૦ (અંકે રૂપિયા બસો પુરા) આપવા.

(૧૬) વળતું આણું તેડવા માટે સવારે જઈ સાંજે પરત આવવું.

## મૃત્યુ પછીની વિધીની વિગત

## મરણોત્તરની વિધી

(૧) મરણ પ્રસંગે રોવાનું, કુટવાનું, તેમજ છાજીયા લેવાનું સદંતર બંધ કરવામાં આવે છે.

(૨) અંતિમ ક્રિયા કર્યા બાદ સ્મશાનેથી ઘેર આવી, આવનારને ધૂપ કે કોગળા આપી શકાશે.

(૩) લોકાચાર, બેસણું તથા શોક ઉતારવાની વિધિ ગમે તે ૧ (એક) જ દિવસે રાખી શકાશે તેમજ રવિવારે પણ રાખી શકાશે.

(૪) મરણ પ્રસંગે લોકાચાર આવનારને ખીચડી-શાક આપવું મરજીયાત છે.

(૫) કાંણ-માંકણ બંધ કરવામાં આવે છે.



સત્ય બોલવાનો મોટો ફાયદો એ જ છે કે, તે દરેક જગ્યાએ એક જ હોય છે

Scanned with CamScanner

(૬) સુંવાળું (સૂતક) કાઢી શકાશે. પિંડ મુકવાનું બંધ કરવામાં આવે છે.

(૭) શોક ઉતારવાની વિધિ પછી નજીકની દીકરી-જમાઈ દરેક રૂા.૧૦૦ (અંકે રૂપિયા એકસો પુરા), રૂા.૧૦૦ (અંકે રૂપિયા એકસો પુરા) તેમજ અન્ય દીકરી જમાઈ દરેકને રૂા.૨૦ (અંકે રૂપિયા વીસ પુરા), રૂા.૨૦ (અંકે રૂપિયા વીસ પુરા) આપવા.

(૮) પ્રેત ભોજન સદંતર બંધ કરવામાં આવે છે.

(૯) લોકાચારના દિવસે મરનારના ફોટા આગળ પુષ્પથી શ્રધ્ધાંજલિ આપવી. તે દિવસે કોગળા કે ધૂપ આપવાનો રીવાજ બંધ કરવામાં આવે છે.

(૧૦) દીકરી-જમાઈ કે ભાણેજના મરણ પ્રસંગે ખાંપણની રકમ આપવાની છૂટ છે.

(૧૧) લોકાચાર લેવાનું કે આપવાનું બંધ કરવામાં આવે છે.

(૧૨) પોતની સાડીનો રંગ યથાયોગ્ય રાખી શકાશે.

(૧૩) વિધવા સ્ત્રી રંગીન કપડા પહેરી શકશે. શૃંગાર કરવો હોય તો કરી શકશે. કોઈ બાદ રાખવો નહીં.

(૧૪) તુલસી શ્રાધ્ધ બંધ કરવામાં આવે છે.

## સમૂહ-લગ્નના નિયમો

(૧) સમૂહ-લગ્નનું આયોજન ટ્રસ્ટ, મંડળ, ગામ, સમાજ કે કોઈપણ રજીસ્ટર્ડ સંસ્થા કરી શકશે.

(૨) સમૂહ-લગ્નમાં વરપક્ષ તરફથી જાનૈયાઓ, ૧૩૫ પાટણવાડા સમાજના બંધારણ મુજબ લઈ જવાના રહેશે.

(3) કન્યાપક્ષ તરફતી બહેન-દીકરીઓ જઈ શકશે.

(૪) સમૂહ-લગ્નમાં વરનો પોશાક, કન્યાના કપડા, દાગીના, જમણ વગેરે તથા અન્ય નિયમો ૧૩૫ પાટણવાડા વણકર સમાજના બંધારણ પ્રમાણે રહેશે.



સિંહની જેમ જીવો, જેથી કોઈ તમને પડકારવાનું સાહસ ન કરી શકે.

Scanned with CamScanner

(૫) જાનનું દાપું કન્યાનું જે ગામની હોય તે ગામના બંધારણના રિવાજ મુજબનું રહેશે.

(૬) સમૂહ-લગ્નમાં આવેલ ભેટ, દાન તેમજ અન્ય વસ્તુઓ કન્યા વિદાયના સમયે વરપક્ષે સાથે લઈ જવાની રહેશે.

(૭) સમૂહ લગ્નમાં વિવાહ કરેલ યુગલોના છૂટાછેડાના પ્રસંગે સમૂહ-લગ્નમાં આપેલ દાગીનાનો હક્ક ૧૩૫ પાટણવાડા વણકર સમાજના બંધારણની છૂટાછેડાની કલમો મુજબ રહેશે.

(૮) સમૂહ-લગ્નમાં મામેરૂ/મામા મોળીયુ સમૂહ-લગ્નના સ્થળે લેવાનું રહેશે નહીં. પરંતુ મામેરુ-મામા મોળીયું જે તે વર/કન્યાના રહેઠાણના સ્થળે આગળના દિવસે આપવું.

(૯) સમૂહ-લગ્નના આયોજકોએ ૧૩૫ પાટણવાડા વણકર સમાજના બંધારણ મુજબ વર/કન્યા બંને પક્ષ તરફથી રૂા.૧૦૦૦ (અંકે રૂપિયા એક હજાર પુરા) શિક્ષણ ફંડ નિમીત્તે મેળવીને પરગણામાં તત્કાલિન પ્રમુખ/ચેરમેને જમા કરાવવાના રહેશે.

(૧૦) દર વર્ષે યોજાનાર સમૂહ-લગ્નનો હિસાબ તત્કાલિન ચેરમેને જે તે સમૂહ-લગ્ન પછીની ૨૬મી જાન્યુઆરીના દિવસે ૧૩૫ પાટણવાડા વણકર સમાજ ભવન પાટણમાં અચૂકપણે આપવાનો રહેશે.

(૧૧) સમૂહ-લગ્નના આયોજકો દ્વારા સમૂહ-લગ્નમાં ૧૩૫ પાટણવાડા વણકર સમાજના બંધારણની કોઈપણ કલમનો ભંગ કરવામાં આવશે તો તેઓ ગુનેગાર ગણાશે અને ફરીથી ૧૩૫ પાટણવાડા વણકર સમાજની પૂર્વ મંજુરી સિવાય સમૂહ-લગ્નનું આયોજન કરી શકશે નહીં.

(૧૨) સમૂહ-લગ્નના જમણવારમાં ચોખ્ખા ઘીનો શીરો અને દાળ-ભાત ફરજીયાત છે.





Scanned with CamScanner

## સામાન્ય વિગત

(૧) લગ્નની ઉંમર કન્યા અને મુરતીયા માટે સરકારશ્રીના નિયમ મુજબ રાખવામાં આવે છે. (હાલમાં કન્યાની ઉંમર ૧૮ વર્ષ અને મુરતિયાની ઉંમર ૨૧ વર્ષ પુરી હોવી જોઈએ) બાળ લગ્ન કરવા નહીં. બાળ લગ્ન કરનાર કે કરાવનાર પરગણાનો ગુનેગાર ગણાશે.

(૨) જે ગામમાં જાનનો ગુનો, સાજનાનો ગુનો, છૂટાછેડાનો ગુનો અથવા અન્ય ગુનો થાય તો તે ગુનાની જાણ જે તે ગામ ૧૩૫ પાટણવાડા વણકર સમાજ પરગણાને ટૂંક સમયગાળામાં કરશે. જે ગામ ગુનાની આવી જાણ નહીં કરે તે ગામ અને ગુનો કરનાર પરગણાનો ગુનેગાર ગણાશે અને ગુનાના ગુણદોષ પ્રમાણે શિક્ષા અથવા દંડ પરગણું કરશે.

(૩) કન્યાપક્ષના રિવાજ પ્રમાણે અન્ય પરગણામાં લગ્ન વહેવાર થઈ શકશે. કન્યાપક્ષ દાપાના રીવાજ એટલે જે ગામની કન્યાના લગ્ન થતા હોય તે ગામના પરગણાના બંધારણના રીતરિવાજ પ્રમાણે દરેક પ્રસંગે વર્તવાનું રહેશે.

(૪) માંદગી વખતે દવાખાને કે ઘરે સગા-સંબંધીની ખબર પૂછવા જતાં આલ-મેલની પ્રથા બંધ કરવામાં આવે છે.

(૫) માંદગી વખતે દવાખાને કે ઘરે સગા-સંબંધી ખબર કરવા આવે તો બિમાર વ્યક્તિને યથાશક્તિ મદદરુપ થવું તેમજ બંધ કવરમાં મદદ કરવી.

(૬) પરગણું દર વર્ષે બપોરે ૨:૦૦ કલાકે (૨ વાગ્યે) ૨૬મી જાન્યુઆરીએ ૧૩૫ પાટણવાડા વણકર સમાજ ભવન, દૂધ શીત કેન્દ્રની પાસે પાટણ મુકામે મળશે. પરગણું નક્કી કરે તે સ્થળ અને તારીખે, બીજીવાર પરગણું મળશે.

(૭) અનિવાર્ય સમય-સંજોગોમાં પરગણાને મળવાનો સમય, સ્થળ, મોબાઈલ તેમજ વોટ્સએપથી કોટવાળશ્રી મારફતે જાણ કરવામાં આવશે.

(૮) આ બંધારણનો ચુસ્તપણે અમલ કરવાનો તેમજ કરાવવાનો રહેશે.

(૯) પરગણું સવંત ૨૦૮૧ કારતક સુદ-૧૫ના રોજ સિધ્ધપુર મુકામે એકવાર મળી, પરગણાની કાર્યવાહી કરી, સિધ્ધપુરમાં વસવાટ કરતા વણકર



જે માણસો સામાજીક રીતે સ્વતંત્ર ન હોય તો એમને આર્થિક રીતે સ્વતંત્ર થવા દો.

Scanned with CamScanner

સમાજના તમામ ભાઈઓનો આભાર વ્યક્ત કરી કાયમી ધોરણે સિધ્ધપુરના મેળામાં પરગણું મળવાનું બંધ કરવાનું સ્વીકારેલ છે.

(૧૦) આ બંધારણનો અમલ તા.૦૧-૦૬-૨૦૨૪ના રોજથી કરવાનો રહેશે.

(૧૧) આ બંધારણની કોઈપણ કલમ કે નિયમનો ભંગ કરનાર સમાજનો ગુનેગાર ગણાશે અને જે તે કલમના ભંગ બદલ સમાજે બંધારણમાં નક્કી કરેલ રકમ ઉપરાંત સમાજ નક્કી કરે તે રકમ શિક્ષણ ફંડમાં જમા કરાવવાની રહેશે.

(૧૨) આ નવું બનાવેલ સામાજિક બંધારણ તારીખ ૦૧-૦૬-૨૦૨૪ના રોજથી અમલમાં આવતાની સાથે આ અગાઉના ૧૩૫ પાટણવાડા વણકર પંચના તમામ બંધારણો અમલમાં રહેશે નહીં/ગણાશે નહી.

(૧૩) આ બંધારણનો ભંગ કરનાર કે કરાવનાર સમાજનો ગુનેગાર ગણાશે.

**અસ્તુ**

**૧૩૫ પાટણવાડા વણકર સમાજ ભવન**
**પાટણ (ઉ.ગુ.)**

**૧૩૫ પાટણવાડા સમસ્ત વણકર પંચ**
**તારીખ : તા.૨૬-૦૨-૨૦૨૪**





Scanned with CamScanner

## ૧૩૫ પાટણવાડા વણકર સમાજ વણકર વસ્તી પંચના ગામની યાદી

### પાટણ તાલુકો

૧. દુખવાડા પાટણ
૨. સરાય પાટણ
૩. બગવાડા પાટણ
૪. વિલોડીયા વાસ પાટણ
૫. ડોડીયાવાસ પાટણ
૬. મણુંદ
૭. બાલીસણા
૮. સંડેર
૯. રણુંજ
૧૦. કુણઘેર
૧૧. કણી
૧૨. ધારણોજ
૧૩. ધારપુર
૧૪. વાગડોદ
૧૫. મીઠી વાવડી
૧૬. ચારુપ
૧૭. સબોસણ
૧૮. આંબાપુર
૧૯. સંખારી
૨૦. ભીલવણ
૨૧. કાંસા
૨૨. ડેર
૨૩. સમોડા
૨૪. બેપાદર
૨૫. ધાનેરા

### ચાણસ્મા તાલુકો

૧. ચાણસ્મા
૨. ધીણોજ
૩. વડાવલી
૪. કંબોઈ
૫. પલાસર
૬. લણવા
૭. પીંઢારપુર
૮. જાખાના
૯. વસાઈ
૧૦. ફીંચાલ
૧૧. કેશણી
૧૨. ધાણોધરડા
૧૩. ગંગેટ
૧૪. ચવેલી
૧૫. જસલપુર
૧૬. વાસણા
૧૭. પીંપળ
૧૮. મીઠા ધરવા
૧૯. ખારા ધરવા
૨૦. ટાકોદી
૨૧. બ્રાહ્મણવાડા
૨૨. ખારી ધારીયાલ
૨૩. મીઠી ધરીયાલ
૨૪. મણીયારી
૨૫. ખોખલા
૨૬. દાણોદરડા
૨૭. સેવાળા
૨૮. સમીશા

### હારીજ તાલુકો

૧. હારીજ
૨. અડીયા
૩. ગોવના
૪. તંબોળીયા
૫. બોરતવાડા
૬. એકલવા
૭. સરવાળ
૮. જૂના માંકા

### મહેસાણા તાલુકો

૧. પાંચોટ
૨. છઠીયારડા
૩. પાલોદર
૪. તળેટી
૫. મોટી દાઉ
૬. બામોસણા
૭. બોદલા
૮. દેવીનાપુરા
૯. ગોરાદ
૧૦. વીરતા
૧૧. ખરસદા
૧૨. દવાડા

### ઉંઝા તાલુકો

૧. ઉંઝા
૨. ઉનાવા
૩. ઉપેરા



ધર્મ મનુષ્ય માટે છે, મનુષ્ય ધર્મ માટે નથી.

Scanned with CamScanner

## ૧૩૫ પાટણવાડા વણકર સમાજ વણકર વસ્તી પંચના ગામની યાદી

૪. નવાપુરા
૫. મક્તુપુર
૬. કરલી
૭. દાસજ
૮. ભાંખર
૯. પળી
૧૦. ઐઠોર
૧૧. ડાભી
૧૨. વિસલ વાસણા
૧૩. વણાગલા
૧૪. રણછોડપુરા
૧૫. ઢુંડાવ
૧૬. સીંહી
૧૭. કંથરાવી

### બહુચરાજી તાલુકો

૧. કનોડા
૨. મોટપ
૩. જેતપુર
૪. વિજાપુરડા
૫. એદલા
૬. કાલરી
૭. બેચર
૮. શંખલપુર
૯. ડોડીવાડા
૧૦. ગાંભુ
૧૧. દેલવાડા
૧૨. સાપાવાડા
૧૩. સૂરજ
૧૪. અંબાલા

### વિસનગર તાલુકો

૧. વાલમ
૨. ખંડોસણ
૩. તરભ
૪. જેતલવાસણા
૫. સાતુસણા
૬. ભાંડુ
૭. વડુ
૮. પુદગામ

### તાલુકા ગામની સંખ્યા

| | | |
|---|---|---|
| ૧. | પાટણ તાલુકા | ૨૫ |
| ૨. | ચાણસ્મા તાલુકા | ૨૮ |
| ૩. | હારીજ તાલુકા | ૦૮ |
| ૪. | મહેસાણા તાલુકા | ૧૨ |
| ૫. | ઉંઝા તાલુકા | ૧૭ |
| ૬. | બહુચરાજી તાલુકા | ૧૪ |
| ૭. | વિસનગર તાલુકા | ૦૮ |
| ૮. | મતાદાર ગામોની સંખ્યા | ૦૯ |

### નવ મતાદાર ગામોની યાદી

૧. પાટણ દુખવાડા
૨. ધીણોજ
૩. ચાણસ્મા
૪. ઉંઝા
૫. બાલીસણા
૬. સંડેર
૭. રણુંજ
૮. મણુંદ
૯. વાલમ



ધર્મ મનુષ્ય માટે છે, મનુષ્ય ધર્મ માટે નથી.

Scanned with CamScanner

# ૧૩૫ પાટણવાડા સમસ્ત વણકર પંચ



**વણકર મહાજનવીર, વિવેકથી વિચારે**
**વણકર મહાજનવીર, ધીર બુદ્ધિ બહુ ધારે**
**કરે એક ગણો ગુણ, તો દસગણો બદલો તે વાળે.**

# સામાજીક બંધારણ

**॥ સમય ॥**

તા. ૨૬-૦૨-૨૦૨૪, સોમવાર
સવારે ૧૦:૦૦ કલાકે

**॥ સ્થળ ॥**

૧૩૫ પાટણવાડા વણકર સમાજ ભવન
દૂધશીત કેન્દ્ર પાસે, મુ. પાટણ (ઉ.ગુ.)

**અમલમાં તારીખ : ૦૧-૦૬-૨૦૨૪**

Scanned with CamScanner

માયા તુ માનવ ખરો પણ દેવતણો અવતાર
જન્મ્યો આ જગતમાં કરવા પરોપકાર



# વીરમાયા દેવ

Scanned with CamScanner